# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-01-2025** **EVENING : 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતના યુવાનોની ક્ષમતા ટૂંક સમયમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવશે

2) **શ્રદ્ધા અને માનવતાનો સૌથી મોટો સંગમ મહાકુંભ, આવતીકાલે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં શરૂ થશે**

3) **છત્તીસગઢમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે મહિલા સહિત પાંચ માઓવાદીઓ માર્યા ગયા**

4) **પાકિસ્તાનમાં કોલસાની ખાણમાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને ૧૧ થયો**

5) **ભારત અને આયર્લેન્ડ વચ્ચે આજે રાજકોટમાં રમાયેલી બીજી એક દિવસીય મહિલા ક્રિકેટ મેચમાં ભારતનો ૧૧૬ રને વિજય**

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - YOUNG LEADERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતના યુવાનોની ક્ષમતા ટૂંક સમયમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવશે.

આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિકસિત ભારત યુવા નેતા સંવાદમાં સંબોધન કરતાં તેમણે કહ્યું કે ભારતની યુવા શક્તિ નોંધપાત્ર ફેરફારો લાવી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે તેમને નવી પેઢીમાં વિશ્વાસ છે અને તે બધી સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢશે.

## (બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રીએ કહ્યું કે મહત્વાકાંક્ષી લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે દેશના દરેક નાગરિકની સક્રિય ભાગીદારી અને સામૂહિક પ્રયાસોની જરૂર છે તેમણે કહ્યું કે વિકસિત ભારત આર્થિક, વ્યૂહાત્મક, સામાજિક અને સાંસ્કૃતિક રીતે મજબૂત બનશે.

શુક્રવારથી શરૂ થયેલા આ ત્રણ દિવસીય વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદે યુવાનોને વિકસિત ભારત માટે નવીન ઉકેલો રજૂ કરવા માટે એક અનોખું મંચ પૂરું પાડ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન, શ્રી મોદીએ દેશભરના ત્રણ હજાર ઊર્જાવાન યુવાનોમાં પોતાના મંતવ્યો રજૂ કરવા જોડાવાની તક પૂરી પાડી છે.

પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે યુવા નેતાઓ સાથેના સંવાદમાંથી પ્રાપ્ત થયેલા વિચારો અને સૂચનો હવે રાષ્ટ્રીય નીતિઓનો ભાગ બનશે અને દેશના વિકાસને દિશા આપશે. શ્રી મોદીએ એક લાખ યુવાનોને રાજકારણમાં લાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

. . . . . . . . . . . . . . . .

# PM SONMARG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે જમ્મુ અને કાશ્મીરમાં સોનમર્ગ ટનલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે.

આ ટનલ શ્રીનગર અને સોનમર્ગ વચ્ચે તમામ ઋતુઓમાં જોડાણ પ્રદાન કરશે. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી બાંધકામ કામદારોને પણ મળશે અને આ એન્જિનિયરિંગ સિદ્ધિમાં તેમના યોગદાનની પ્રશંસા કરશે. આશરે ૧૨ કિલોમીટર લાંબી સોનમર્ગ ટનલ  ૨ હજાર ૭૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

# MAHAKUMBH

**શ્રદ્ધા અને માનવતાનો સૌથી મોટો સંગમ મહાકુંભ, આવતીકાલે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં શરૂ થશે.**

**આ ભવ્ય કાર્યક્રમમાં ભાગ લેનારા ભક્તો માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મહાકુંભમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં ભક્તો પહોંચી રહ્યા છે. સંસ્કૃતિ મંત્રાલયે પ્રયાગરાજમાં કલાગ્રામ બનાવ્યું છે જે દેશની સમૃદ્ધ અને જીવંત સંસ્કૃતિનું પ્રદર્શન કરશે. આ સાથે વિવિધ ઘાટો પર ભક્તોની સુરક્ષા માટે સઘન વ્યવસ્થા કરાઇ છે. પ્રસ્તુત છે આ અંગે એક અહેવાલ**

( બાઈટ - સરફિરોજી મહાકુંભ)

. . . . . . . . . . . . . . . .

# BJP-AAP CONFERENCE

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ આજે કહ્યું કે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્ય મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં શ્રી કેજરીવાલે વાયુ પ્રદૂષણ ઘટાડવા, યમુનાની સફાઈ, બધા માટે આરોગ્ય સંભાળ પૂરી પાડવા અને શહેરમાં 500 નવી સરકારી શાળાઓ બનાવવા સહિત દસ વચનો આપ્યા હતા. પરંતુ તેઓ આ વચનો  પૂર્ણ કરવામાં નિષ્ફળ નીવડ્યા છે.

દરમિયાન, શ્રી કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી પર દિલ્હીના ઝૂંપડપટ્ટીવાસીઓ સાથે દગો કરવાનો આરોપ લગાવ્યો છે. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે દિલ્હીમાં લગભગ ચાર હજાર ઝૂંપડપટ્ટીઓ છે પરંતુ ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા અગિયાર વર્ષમાં ફક્ત ચાર હજાર સાતસો ઘરો જ બનાવ્યા છે.

દરમિયાન ભારતીય જનતા પાર્ટીના નેતા સ્મૃતિ ઈરાનીએ આમ આદમી પાર્ટી પર ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ માટે નકલી આધાર કાર્ડ અને મતદાર ઓળખ કાર્ડ બનાવવાનો આરોપ લગાવ્યો છે.

શ્રીમતી ઈરાનીએ કહ્યું  કે દિલ્હી પોલીસે આ મામલે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને સ્ટાફ સભ્યોને બે નોટિસ મોકલી છે પરંતુ તેમાંથી કોઈ પણ દિલ્હી પોલીસ સમક્ષ હાજર થયું નથી.

બીજી તરફ , AAPના પ્રવક્તા પ્રિયંકા કક્કરે કહ્યું કે ભાજપ પાસે કોઈ એજન્ડા, વિઝન કે મુખ્યમંત્રીનો ચહેરો નથી. તેમણે કહ્યું કે ભાજપ આગામી ચૂંટણીમાં પોતાની હાર જોઈ રહી છે, તેથી તેમણે આમ આદમી પાર્ટીના નેતાઓ વિરુદ્ધ ખોટા કેસ દાખલ કર્યા છે.

. . . . . . . . . . . . . . .

# REV CONGRESS-SCHEME

**કોંગ્રેસે કહ્યું છે કે જો દિલ્હીમાં તેમની સરકાર બનશે તો યુવા ઉડાન યોજના હેઠળ રાષ્ટ્રીય રાજધાનીના યુવાનોને શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આજે આ યોજનાનો પ્રારંભ કરાવતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા સચિન પાયલોટે વિશ્વાસ વ્યક્ત કર્યો કે દિલ્હીના લોકો કોંગ્રેસને સેવા કરવાની તક આપશે. તેમણે જણાવ્યું કે આ યોજના હેઠળ દર મહિને ૮ હજાર ૫૦૦ રૂપિયા આપવામાં આવશે.**

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . . .

# CHHATTISGARH - MAOISTS ENCOUNTER

છત્તીસગઢમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે મહિલા સહિત પાંચ માઓવાદીઓ માર્યા ગયા છે.

બીજાપુર જિલ્લાના રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં માઓવાદીઓની હાજરીની ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોની એક સંયુક્ત શોધ ઓપરેશન હાથ ધર્યું હતું.

ઓપરેશન દરમિયાન આજે સવારે થયેલા એન્કાઉન્ટરમાં બે મહિલા સહિત પાંચ માઓવાદીઓ માર્યા ગયા હતા. સુરક્ષા દળોએ માર્યા ગયેલા માઓવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે. ઘટનાસ્થળેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# UTTARAKHAND - BUS ACCIDENT

ઉત્તરાખંડમાં  એક બસ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે અને 18 મુસાફરો ઘાયલ થયા છે.

આ અકસ્માત પૌરી ગઢવાલ જિલ્લાના સિરૌલી નજીક થયો હતો, બસમાં 25 લોકો સવાર હતા. ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અકસ્માત અંગે  ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને ઘાયલો ઝડપથી સજા થાય તેવી કામના કરી છે. મુખ્યમંત્રીએ સંબંધિત અધિકારીઓને ઘાયલોને ઝડપી  સારવાર આપવા નિર્દેશ આપ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# PAKISTAN- COAL MINE EXPLOSION

પાકિસ્તાનમાં કોલસાની ખાણમાં થયેલા વિસ્ફોટ અને મિથેન ગેસ લીકેજમાં મૃત્યુઆંક વધીને ૧૧ થયો છે.

બચાવ કાર્યકરોએ ગઈકાલે કોલસાની ખાણમાંથી વધુ સાત મૃતદેહો બહાર કાઢ્યા હતા. બલૂચિસ્તાન પ્રાંતના ખાણ વિભાગના વડા અબ્દુલ્લા શવાનીએ જણાવ્યું હતું કે ગઈકાલે રાત સુધીમાં 11 મૃતદેહો મળી આવ્યા છે અને બચાવ કાર્યકરો ખાણમાં ફસાયેલા છેલ્લા કામદારને શોધી રહ્યા છે. તેમણે કહ્યું કે ખાણમાં ખાણકામના નિયમોનું યોગ્ય રીતે પાલન થઈ રહ્યું છે તેની ખાતરી કરવા માટે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

બલુચિસ્તાનના ક્વેટાથી લગભગ 40 કિલોમીટર દૂર સંજદી વિસ્તારમાં ગુરુવારે એક કોલસાની ખાણ ધરાશાયી થઈ ગઈ.

. . . . . . . . . . . . . . .

# EVE WOMEN CRICKET-ODI

મહિલા ક્રિકેટમાં, ભારત અને આયર્લેન્ડ વચ્ચે આજે રાજકોટમાં રમાયેલી બીજી એક દિવસીય મેચમાં ભારતનો ૧૧૬ રને વિજય થયો છે.

પ્રથમ બેટિંગ કરતા ભારતીય મહિલા ટીમે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૫ વિકેટે ૩૭૦ રન બનાવ્યા હતા. ભારત તરફથી  જેમિમાહ રોડ્રિગ્સે ૧૦૨, હરલીન દેઓલે ૮૯ (નેવ્યાસી) અને સ્મૃતિ મંધાનાએ ૭૨ (બોતેર)રન કર્યા હતા.

૩૭૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં આયર્લેન્ડે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૪ રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો.

આ જીત સાથે ભારતે આ સ્પર્ધામાં ૨-૦ ની સરસાઈ મેળવી છે.

. . . . . . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આજે હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં શીત લહેર યથાવત રહેવાની આગાહી કરી છે. પંજાબ, રાજસ્થાન, હરિયાણા, ચંડીગઢ અને પૂર્વ ઉત્તરપ્રદેશના કેટલાક વિસ્તારમાં સવારે અને રાત્રે ધુમ્મસ છવાયેલું રહેવાની શક્યતા છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારમાં ગાઢ ધુમ્મસ છવાયેલું રહેવાની સંભાવના છે. સિક્કિમ, ઓડિશા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ધુમ્મસ છવાયેલું રહેવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તો બીજી તરફ તમિલનાડુ, પૂડુચેરી અને કરાઈકલમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદની શક્યતા છે.

. . . . . . . . . . . . . . .

# DEHRADUN - PRAVASI SUMMIT

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આજે દેહરાદૂન ખાતે પ્રથમ આંતરરાષ્ટ્રીય ઉત્તરાખંડી પ્રવાસી સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.

આ પરિષદનો ઉદ્દેશ્ય ઉત્તરાખંડની સંસ્કૃતિને વિદેશમાં પ્રમોટ કરી રોકાણ અને પર્યટનને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રસંગે શ્રી ધામીએ જણાવ્યું હતું કે પરિષદ દરમિયાન આયોજિત સત્રોમાં વ્યક્ત થયેલા વિચારો અને સંદેશાઓ દેશ અને વિદેશમાં રહેતા ઉત્તરાખંડી ભાઈઓ અને બહેનો સુધી પહોંચશે. શ્રી ધામીએ આ પરિષદને સંસ્કૃતિ અને લાગણીઓના જોડાણનો એક અનોખો ઉત્સવ ગણાવ્યો. પત્રકાર પરિષદ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું કે અત્યાર સુધીમાં 30 પ્રવાસી ભારતીઓએ  ઉત્તરાખંડના ઘણા ગામોને દત્તક લીધા છે.

. . . . . . . . . . . . . . . .